R.N.I.No. : 11555/66 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 54 Issue No. 6 October - 2010

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## હિરક જયંતિ વર્ષ




દશેરાનો દિવસ એટલે સમાજમાં રહેલી દીન, હીન, લાચાર તેમજ ભોગની વૃત્તિને સંહારવા કટિબધ્ધ થવાનો દિવસ. બાહ્ય શત્રુની સાથે સાથે અંદર બેઠેલા ષડરિપુ ઉપર વિજય મેળવવા કૃતનિશ્ચયી બનવાનો દિવસ. દશેરા એટલે ભક્તિ અને શક્તિનું પવિત્ર મિલન.

2nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આયોજીત

## શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા)

પુરસ્કૃત

# ૫૯ મો વાર્ષિક રસોત્સવ

**સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઇન્સ મુંબઇ**

**તારીખ : ૨૧-૧૧-૨૦૧૦ ને રવિવાર સવારે ૯.૦૦ કલાકે.**

---

મુખ્ય મહેમાન

## શ્રી સુધીર ચીમનલાલ ધારિયા (રંગુનવાલા)

# સાંસ્કૃતિક કાર્યક્રમ

**આપણાંજ જુવાનીયાઓ અને બાળકો દ્વારા પ્રસ્તુત**

આ પોગ્રામની ટીકીટ વહેલો તે પહેલો ધોરણે ફેમીલી દીઠ ફક્ત બે ટીકીટો આપવામાં આવશે.

**તા. ૩૧-૧૦-૨૦૧૦ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે નીચેના સ્થળે મળશે.**

(૧) શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) સભાગૃહ પ્રગતિ સમાજની ઓફિસ (બાબુગેનુ રોડ) (મુંબઈ થી માહિમ)

(૨) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ, બોરીવલી - ૯૮૨૦૦૧૧૫૮૬ (બોરિવલી થી વિરાર)

(૩) શ્રી ગોપાલ રમણલાલ કડકિયા કાંદિવલી - ૯૮૧૯૫૦૭૪૫૨ (મલાડ થી કાંદિવલી)

(૪) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી, અંધેરી - ૯૮૧૯૩૪૨૮૫૬ (ગોરેગાવ થી બાન્દ્રા)

આપ સૌને સાથ સહકાર આપવા વિનંતી છે

| | |
|---|---|
| સંયોજક | મંત્રી |
| હેમેન્દ્ર શાહ | મંજુલ ધારિયા |

# જ્યોતિ પુંજ


**વર્ષ** **અંક** **તારીખ**

૫૪ ૭ ૧૪-૧૦-૨૦૧૦

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

⁕

મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

⁕

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

⁕

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૮ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# મિચ્છામી દુક્કડમ

**તંત્રી સ્થાનેથી**

બીજી ઓકટોબરે ગાંધી જયંતિ ઉજવાઈ, આપણે ત્યાં જયંતિઓ બહુ આવે, કેટલાંયે ભગવાનો, કેટલાયેં રાજાઓ અને કેટલાયે નેતાઓ અને જંયતિની ઉજવણી એટલે એમની મુર્તિ ઉપર હારતોરા અને જાહેર રજા. આપણે આપણી પોતાની જંયતિ ઉપર રજા નથી લેતાં અને બીજી અનેક જયંતિઓની રજા. જબરજસ્તીથી રાખવી પડે છે. એમાં આતો રાષ્ટ્રપિતા ગાંધીજીના નામ સાથે એમની અહિંસાની વાતો અને સત્યાગ્રહની વાતો યાદ આવે. બાપુની પહેલાં અહિંસાની વાતો મહાવીર અને બુદ્ધ પણ કરી ગયા. તો શું આ બન્ને અને બાપુની અહિંસાની વ્યાખ્યા સરખી હતી? આજે થોડો વિચાર કરવો છે. અહિંસા ઉપર.

ભારતમાં લોકો, અંગ્રેજો આવ્યા એ પહેલાથી સેંકડો વર્ષો સુધી ગુલામીમાં સપડાયા છે. પહેલાં રાજાઓની ગુલામી, પછી મોગલોની ગુલામી, જમીનદારોની ગુલામી અને પછી આવી અંગ્રેજોની ગુલામી, દબાયેલી પ્રજા વર્ષોથી કાયરતામાં જીવી અને જ્યારે ગાંધીજીએ અહિંસક લડતની વાત કરી ત્યારે લોકોને લાગ્યું આમાં વાંધો નહી આવે અને એટલેજ જેટલો સપોર્ટ ગાધીજીને મળ્યો એટલો ભગતસિંહને કે સુભાષબાબુને ના મળ્યો. જો કે ગાંધીજીની અહિંસક ચળવળમાં જોડાયા બાદ ધીરે ધીરે લોકોનો જુસ્સો વધ્યો પણ એમાં મારવા સિવાય મરવાની હિંમત વધુઆવી હતી. સત્યાગ્રહ દ્વારા લડવાની વાત હતી, શારીરીક હિંસા નહી કરવાની વાત હતી, પણ શું એ સાચા અર્થમાં અહિંસા હતી? ના એ શારીરીક નહી પણ માનસિક

હિંસા હતી. કોઈ એક લાફો મારે ત્યારે આપણે જો બીજો ગાલ ધરીએ ત્યારે આપણે એની માનસિક રીતે હત્યા કરીએ છીએ. એ તુચ્છ ભાવ સાથે કે લે મારી લે મારી સહન કરવાની તાકાત તારી મારવાની તાકાત કરતાં વધારે છે. હું તારાથી ઉપર છું 'કોઈનો સત્યાગ્રહના કે ધરણા દ્વારા પ્રતિકાર કરીએ ત્યારે પણ એ એના ઉપરનો માનસિહ હુમલો જ કહેવાય. એની ઉપરનું એક જબરજસ્ત દબાણ જ કહેવાય. પતિઓને આવા અહિંસક કહેવાતા પત્નીઓના સત્યાગ્રહના અને અનશનના અનુભવો હશે જ. પોતાની માગણીઓ પુરી કરાવવાનો આવો અહિંસાનો પ્રયોગ ભારતમાં હાથવગું શસ્ત્ર થઈ ગયો છે. મેઘા પાટકર કે અન્ના હજારે આનો ઉપયોગ હજારો વાર કરી ચુક્યા છે. પ્રસિધ્ધ મેળવવાના અને સહાનુભુતિ જીતવાના પ્રયત્નો ધોળા કપડાંવાળા ગાંધીટોપી સાથે કરતાંજ આવ્યા છે. એક પ્રસંગ વાંચેલો એક યુવાનને બીજા ધર્મની એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો. છોકરીના ઘરવાળા મચક આપે નહી એટલે મિત્રોએ સલાહ આપી 'છોકરીના ઘરની બહાર બેસીને સત્યાગ્રહ કર' યુવાનતો પહોંચી ગયો અને પથારી નાખીને બેસી ગયો પોતાની માગણી પુરી કરવાની જીદ સાથે. છોકરીવાળા પરેશાન હુમલો થાય તો પ્રતિકાર કરાય. છોકરીને ભગાડી જાય તો પીછો કરાય ને મારામારી કરાય પણ આમાં શું કરાય. આતો અહિંસક' આંદોલન એનો મુકાબલો કેવી રીતે કરાય ? એક શાણા માણસે જવાબદારી ઉપાડી. બીજા દિવસે પેલો યુવાન જ્યારે સવારે ઉઠયો ત્યારે એની બાજુમાં બીજી પથારીમાં એક બુઢ્ઢી વેશ્યા એ છોકરા સાથે પરણવાની જીદ લઈને સત્યાગ્રહ કરવા બેસી ગઈ હતી. અહિંસાની સામે અહિંસા જીતી ગઈ. આમ સુક્ષ્મ હિંસા અનેક રીતે થઈ શકે છે. ગુરૂઓ જ્યારે શિષ્યોને પોતાની વાત મનાવવાનો પોતાનું કહેલું માનવાનો પોતેજ સાચા છે એવું પુરવાર કરવાનો પ્રયત્ન કરે છે એ પણ એક માનસિક હિંસા છે. માબાપ પોતાના સંતાનોને પોતાના જેવા બનાવવાનો પ્રયત્ન કરે છે, દુરાગ્રહ રાખે છે. એ પણ સુક્ષ્મ હિંસા છે. કોઈ પણ રીતે બીજાના મન ઉપર દબાવ લાવવાનો પ્રયત્ન હિંસા જ છે. આપણા મંડળોમાં રાજીનામાને નામે અપાતી ધમકીઓ પણ હિંસા છે. કોઈને પણ પોતાના વર્તન દ્વારા અપાતી પીડા હિંસા છે. બીજી બાજુ પોતાની જાત સાથેનો અત્યાચાર પણ હિંસા છે. લાંબા લાંબા તપ અને તપશ્ચર્યા, સાધુઓ દ્વારા પોતાની જાત ઉપર ગુજારાતા જુલમો, પોતાની જાતને મરાતા ફટકાઓ પણ હિંસા જ છે. એક પરપિડન છે અને બીજું સ્વપિડન છે. હિંદુ ધર્મમાં જ્યારે યજ્ઞોનો અતિરેક થયો અને યજ્ઞમાં જ્યારે પશુ પંખીઓને હોમવાનો બલિ ચઢાવવાનો રિવાજ પ્રચલિત થયો ત્યારે એ હિંસાની સામે મહાવીર અને બુદ્ધ દ્વારા નવો અહિંસક પંથ નિર્માણ થયો પરંતુ એમાં પણ સુક્ષ્મ હિંસા પ્રવેશી ગઈ. એમના અનુયાયીઓએ આત્મપીડન દ્વારા અહિંસાનો અવળો પ્રચાર શરૂ કર્યો. મિચ્છામી દુકડડમ એટલે એક મનુષ્ય દ્વારા મંગાતી સાચા દિલની માફી. મન, વચન, કર્મ કે વર્તન દ્વારા જો મેં કોઈને દુઃખી કર્યા હોય કે દુભાવ્યા હોય એ માટેની માફી પણ હવે તો આ પણ ફેશન બની ગઈ છે. ગયા વર્ષનો હિસાબ પુરો, નવા વર્ષે નવો દાવ.

તો પછી સામેવાળા, માનવીને, આપણી આજુબાજુવાળા લોકોને બદલવા હોય તો શું કરવું ? આજના જમાનામાં આ પ્રશ્નનો ઉત્તર બહુ મુશ્કેલ છે. પરંતુ અહિંસા એટલે હિંસા ન કરવી એટલું પુરતું નથી

પણ પ્રેમ કરવો, સુખ આપવું, આનંદ આપવો એ અહિંસા છે. આપણે બધા જ કયારેક તો એકો પોઈન્ટ ઉપર ગયા હોઈશું, આપણે જે બોલીએ એજ પડઘારૂપે પાછું આપણી પાસે આવે છે. ગાળો બોલીને સારા શબ્દોના પડઘાની આશા ન જ રખાય. આપણા મનના તરંગો પણ એજ રીતે ફેલાય છે. પ્રેમ પણ એજ રીતે પડઘાય. આપણા ઋષિમુનીઓ એક જગ્યાએ બેસીને પ્રાર્થના, ધ્યાન આત્મશુદ્ધિ કરતાં ફેલાવો કરતાં, પોતાના વર્તન દ્વારા જ બીજામાં બદલાવ લાવતાં. આપણે બધાએ અનુભવ્યું હશે ખરાબ માણસોને મળીએતો ખરાબ વાઈબ્રેશન આવે છે અને સારા માણસો સારા વાઈબ્રેશન આપે છે. આપણે પણ કોઈના માટે મનમાં ગુસ્સો લઈને એની સામે જઈએ તો એના મનમાં પણ ગુસ્સાનાજ ભાવ આવશે, તમે મીઠું મીઠું બોલતા હો તો પણ. માનવીના મનની તાકાત જબરજસ્ત છે. એ વિચારો દ્વારા ચમચી વાળી શકે છે. હજારો માઈલ દુર વસતાં સ્વજન માટે સારા વિચારો કરીને એને સાંત્વના આપી શકે છે. પ્રેમ ફેલાવી શકે અને આ પ્રેમ આપવો, સુખ આપવું એ ફક્ત મોક્ષ માટે કે સ્વર્ગમાં જવા માટે નહી પણ પોતે અને બીજાને આજ જન્મમાં સુખી કરીને સ્વર્ગ પામવા માટે આપવાનું છે. ગાંધીજીની અહિંસા દેશની આઝાદી માટે એક જબરજસ્ત શસ્ત્ર બન્યું. પરંતુ એ શસ્ત્ર તરીકે વપરાયું. જબરજસ્તી અપનાવાયું એટલે એની તાકાત આઝાદીની સાથે જ નષ્ટ થઈ ગઈ. અથવા તો અવળી રીતે વપરાવા લાગી. મહાવીર, બુદ્ધની અહિંસાની વાતો સહજ કહેવાઈ, વિચારો દ્વારા ફેલાઈ એ બન્નેને કંઈ પરિવર્તન નહોતું કરવું. પણ પરિવર્તન આપોઆપ થતું ગયું જો કે આજે એમની અહિંસાની વાતોને પણ મારી મચડીને કહેવાય છે અને અમલમાં મુકાય છે બાકી અહિંસાનો સાચો અર્થ કદાચ પ્રેમ દ્વારા જ પામી શકાય, આપી શકાય 'મિચ્છામી દુકડ઼ડમ' કહેવાનો વારો જ શું કામ આવવો જોઈએ.

**– નિખિલ બાબુલાલ પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આપ સૌની જાણ ખાતર જ્યોતીપુંજ નવયુવક સંઘનું માસીક મેગેઝીન છે અને તે દર મહીનાની ૧૪ તારીખે અથવા મોડામાં મોડું ૧૫ તારીખે મુંબઈ જી.પી.ઓ ખાતે પોસ્ટ કરવામાં આવે છે. જે કોઈ વાંચકોને જ્યોતીપુંજ નિયમીત ન મળતું હોય તો તેઓએ તેમની લોકલ પોસ્ટ ઓફીસમાં તપાસ કરવા વિનંતી. અમારી દરેક કોશિષ એ રહી છે કે જ્યોતીપુંજ દરેકે દરેક વાચકોને સમયસર મળે. એ હેતુ થી તો વાચકોનું મેલીંગ લીસ્ટ પણ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યું છે. જેથી તેમાં ત્રૂટી રહેજ નહીં. આ છતાંપણ કોઈ વાચકોને જ્યોતીપુંજ ના મળે તો તેમણે સંસ્થાના મંત્રી ને લેખીત કાગળ લખી જણાવવું અને તેમાં પોતાનો મેમ્બરશીપ નંબર જે Computer No. છે જેમ કે L o214 x 25xj જે થી અમને તમારું એડ્રેસ ચેક કરવામાં ખુબજ સરળતા પડે. અમારી આપ સૌને વિનંતી કે પોતાને જ્યોતીપુંજ ન મળવાની અથવા કોઈપણ જાતના સમાચાર જે વા કે ટેલીફોન નંબર ન બદલાતા ઘરનું સરનામું બદલાયું હોય તેની જાણ ફોન પર કાર્યકર્તાને ન કરતાં લેખીતમાંજ મોકલવી. ફોન પર આપેલી માહીતી માટે સંસ્થાના કોઈ પણ કાર્યકર્તા જવાબદાર રહેશે નહી. આપના સાથ અને સહકાર અમને કાર્ય કરવામાં ખૂબ જ ઉત્સાહ પ્રેરક છે. અને ભવિષ્યમાં પણ આવોજ સાથ અને સહકાર રહેશે. તેવી વિનંતી.

-

# અમુલ્ય માનવ દેહ

✍ ઉષા એસ. ધારીયા

ચોર્યાસી લાખના ફેરાનો અંતિમ અવતાર એટલે જ માનવ દેહ. અધધધ, કોને કહેવાય છે. ૮૪ લાખ ફેરો. ઝીણામાં ઝીણા સુક્ષ્મ બેકટેરીયા અને અંતિમાએ માનવ દેહની અણમોલ ભેટ!!! આમા હર જીવંત જીવના અવતારની ગણના થઈ જાય છે. બેકટેરીયાથી જીવ જંતુઓથી પશુ પંખી હર કોઈ અવતારની ગણના થાય છે. ગણના કરતાં પણ આપણો અવતાર પૂરો થઈ જાય, અને મુખમાંથી અધધધ!!! બોલવું સહેલું છે. પરંતુ વર્ષોના વર્ષ બાદ મળેલો અમુલ્ય અણમોલ એવો માનવ દેહ !!

શી ગણના કરશો આ માનવી દેહની. પેટમાં ગર્ભ આકારે ત્યારથી જ માન પાન મળે. અને શિશુના જન્મબાદ પેંડા, બરફી નવા જમાનાને અનુસરતાં ચોકલેટ સંગાઓના ઘરમાં મોકલી આનંદ વ્યક્ત કરાય. ઉંચી કક્ષાનું શિક્ષણ અપાય. જુવાની આવે બાલ્યકાળ અને કૌમાર્યાવસ્થાને વિદાય અપાય અને ઢોલ નગારા વાગે અને શરણાઈના સુર સાથે ગોંરી, કાળી, ઉંચી, નીચી, જાડી, પાતળી પરમાર ઘરમાં આવે. પહેલું તો તેજ વખતે કોકટેલ પાર્ટી અને સંગીત સંધ્યામાં શેમ્પેઈન ફોડી આનંદાય!! ધીમે ધીમે આ પાર્ટીઓ વીક એન્ડમાં ઉજવાય અને લેડીઝને પણ સાથ આપવા આમંત્રાય. પરંતુ...

પુષ્ટિમાર્ગી વૈષ્ણવના માતાપિતા નાનપણમાં આપણા બાબાશ્રીઓ પાસે નવેદાન અપાવી પૂર્ણતા વૈષ્ણવતા અપાવે. ગળામાં તુલસીની કંઠી અંગીકૃત કરાવે અને 'શ્રીકૃષ્ણશરણં મમ:' મંત્રનો મહિમા જીવનભર માટે ફલીત કરાવે. દુઃખમાં, સુખમાં, ભયમાં આ મંત્રનો જાપ સ્મરણથી જીવનની એ પળોને પાવનતામાં પૂર્ણતા આપી ફલીત કરાય. હવે પૂર્ણતાને ફલીત કરવા ગળામાં તુલસી માલાને અંગીકૃત કરાવ્યા પછી હૃદયના સ્વામી શ્રી કૃષ્ણજીને આપણે જે ખાઈએ પીએ તે અર્પણ થઈ જાય છે. હૃદયના સ્વામી શ્રીકૃષ્ણ છે અને એમના થકી આપણું હૃદય ધડકે છે. જ્યારે આ માનવ દેહ નિર્જીવ બને ત્યારે આત્માનો અંશ પરમાત્મામાં ભળી જાય છે. નિર્જીવ દેહને બાળી મૂકે છે. હૃદય ધબકતું બંધ થાય છે. પંમ્પીંગ કરો કે વેન્ટીલેટર સાધનથી જીવન ધડકાવવાનો પ્રયત્ન થાય છે. પરંતુ એ થોડી ક્ષણો કલાકો હૃદયના સ્વામી શ્રીકૃષ્ણ છે એ તો આપણે સર્વેએ જાણ્યું પરંતુ ઠાકોરજી જો આપણા ઘેર પધારે તો અથવા આપણી સેવામાં તેમની સંપુર્ણ રીતે લાલન પાલન કરાય છે. અભદ્ર ખોરાક ચાલુ રાખે તો ઈશ્વર એ હૃદીયામાં રહેતો જ નથી અને માનવી ના હૃદયમાંથી આત્મા નીકળી પરમાત્મામાં ભળી જાય છે અને માનવી નાની ઉંમરે નિર્જીવ બની જાય છે.

ભદ્ર સમાજમાં અભદ્ર પોષાક, અભદ્ર, ખાવાનું પીવાનું જીંદગીને ભયમાં મૂકે છે. કારણ પ્રભુજીને આવા કલુશિત વાતાવરણમાં રહેવું ગમતું નથી અને તે અમુલ્ય અણમોલ એવો ૮૪ લાખ ફેરા પછી મળેલો માનવ દેહ શુન્ય થઈ જાય છે. જીંદગી માણવાના સમયે ઠાકોરજી દેહને નિર્જીવ બનાવી ચાલ્યા જાય છે.

મળેલા માનવ દેહને ગોડ ગીફ્ટ ગણી પ્રભુને તમારા હૃદય નિવાસી બનાવો. સરળ, શુદ્ધ ભાવના કૃપા અને નિર્મળતા સભર હૃદયમાં ઈશ્વર નિવાસી બની રહેશે. નિર્મળ પાણીને પીવા યોગ્ય ગણાય છે અને અભદ્ર ખોરાક પાણી, ત્યાજ્ય ગણાય છે. તે જ રીતે પીવાનું પાણી પણ નિર્મળ હોય તોજ ઠાકોરજીની ઝારીમાં ભરી શકાય અને એજ આપણા શરીરને પથ્ય બની રહે છે. ભાવના ઉચ્ચત્તમ હોય તો નિર્મળતા સભર હૃદયની નિકટતમ ઈશ્વર નિવાસી બની રહેશે. કૃપા સિંધુ, એજ ભાવના કેળવો મનથી. પ્રિતી ઈશ્વરની

તમારી સાક્ષી બની રહેશે. ઉચ્ચત્તમ સંસ્કારથી આ ફલિત થશે, કૃપા સિંધુ સાગર બની લહેરાશે. શૂન્યમાંથી એકમ આંક શરૂ કરો. ઈશ્વરને હૃદય નિવાસી બનાવવાના અને માનવ અવતારને સાર્થકતા બક્ષવા ઉચ્ચત્તમ ભાવના કૃપા નિર્મળતાના સંસ્કારથી સજાવો. અભદ્રતાથી સાત ગજ દૂર રહો. પ્રભુજીને હૃદય નિવાસી બનાવો કે જેથી કરીને તમારો હૃદયાવાસ છોડી આતમ રામ પરમાત્મા પાસે ચાલ્યો ન જાય અને માનવ દેહ અણમોલ, અમુલ્ય એળે ન જાય ૮૪ લાખ ફેરાનો અંતિમ ભેટ સોગાદ રૂપે મળેલા માનવ દેહમાં હૃદયમાં પ્રભુજી નિવાસી બની રહે એવા સંસ્કારો કેળવી જન્મદાતા માતા પિતાનું નામ ઉજાળી પ્રભુજીને હૃદય નિવાસી બનાવો. અધ વચ્ચે મઝધારમાં છોડી આત્મા પરમાત્મા પાસે ચાલ્યો ન જાય એજ અભ્યર્થના.

## બાલાસિનોર પ્રગતિ સમાજ દાતાઓનો આભાર

૧) કીરીટભાઈ મોહનલાલ મોદી (દેવ) તથા પરિવારજનો તરફથી અગાઉ આપેલા ૩૩૪૦૦૦ના શ્રીમતી મણીબેન મોહનલાલ મોદી (દેવ) ટ્રસ્ટ ફંડમાં વધુ રૂા. ૧૭૦૦૦૦ ઉમેરીને ટ્રસ્ટફંડને રૂા. ૫ લાખનું કરવાનું વચન પ્રાપ્ત થયું છે. દાતા પરિવારનો આભાર

૨) પ્રમોદ મુલજીભાઈ ધારીઆ (લાલખા) (સિકંદ્રાબાદવાળા) તથા પરિવારજનો તરફથી ‘ઈન્ટરેસ્ટ રીલીફ સ્કીમ ૨૦૦૯ માટે મળેલ દાન વચન મુજબ રૂા. ૭,૫૦૦૦૦ સંસ્થાને પ્રાપ્ત થયા છે. સમાજ દાતા પરિવારનો આભાર માને છે.

### ઈવેન્ટ એન્ડ મેનેજમેન્ટ સ્કીમ

આ સ્કીમનો આગામી સેમીનાર જાન્યુઆરી મહિનામાં રાખવાનું વિચાર્યું છે. ગયા વર્ષે યોજાયેલા બે સેમીનારમાં આપ સૌનો સુંદર સહકાર અમને મળ્યો હતો. આ વર્ષે વધુ સારા સેમીનાર માટેના આપના સુચનો આવકાર્ય છે.

**- સંયોજક પંકજ ધારીઆ (લાલખાં)**
**ફોન. ૯૮૨૧૦૨૮૭૬૨**

## દિવાળી બક્ષિશ

પ્રતિ વર્ષે એક શુભેચ્છક દાતા તરફથી આર્થિક/ અન્ન સહાય લેતા કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૫૦૦/- દિવાળી બક્ષિશ તરીકે આપવામાં આવે છે. આ વર્ષે તા. ૨૮-૧૦-૧૦થી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ ખાતે કામકાજના દિવસોમાં બપોરના ૪ થી ૬ના સમયમાં આપવામાં આવશે, તેની નોંધ લેશો.

**- રજની લટકારી**

# ચાલો નવું વર્ષ ઉજવીએ ....

✍ પંકજ કે. શાહ

સમયના અવિરત પ્રવાહમાં જીવનના મુલ્યો, જીવનની વેલ્યુ અને જીવન જીવવાની દિશામાં આમુલ પરિવર્તન આવ્યો છે. છતાંય રોજની એજ સવાર, ત્યારબાદ બપોર, સાંજ અને પછી રાત્રીનું આગમન. દરરોજની એજ દિનચર્યા. જીવનની એજ રોજિંદી રફતાર અને વર્ષો પુરાણી ચાલતી જીવનની એજ ઘરેડ.

નવું વર્ષ આવે છે અને કાળના પ્રવાહમાં વહી જાય છે. નૂતન વર્ષની શુભ પ્રભાતે એક કવિના સોનેરી શબ્દો યાદ આવે છે.

'કાળ ગણિતમાં નવું જૂનું ના,
બધું જ એક અદ્વૈત દિસે,
ગતિહીન જીવનપ્રવાહમાં
નવું વળી શું કહેવાશે' ?

નૂતન વર્ષની શુભપ્રભાતે જૂની ઘરેડ, જૂની માન્યતાઓ અને મનમંદિરને ઘેરી લીધેલા વમળો માંથી બહાર નીકળી કોઈ મહાપુરૂષના દિવ્ય આદેશને જીવનમાં વણી લઈ જીવન જીવી જવાનો નવો રાહ અપનાવીએ તો જ નવું વર્ષ સાર્થક બને.

જાગ્યા ત્યારથી સવાર સમજીએ અને ભૂલ્યા ત્યાંથી જ ફરી ગણવાની શરૂઆત કરીએ એજ નૂતન વર્ષનો સંકલ્પ બને. જૂના રાગદ્વેષો ભૂલી નવા વર્ષથી નવો વ્યવહાર શરૂ કરવાનો સંકલ્પ લઈએ એજ નૂતન વર્ષાભિનંદન કહેવાય.

જેની પ્રભાત ઉજળી તેનો આખોય દિવસ ખુશહાલ. જેના જીવનમાં વર્ષનો પ્રથમ દિ માંગલિક તેનું આખુય વર્ષ ખુશખુશાલ. સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગાની ઉપાસનાનો ત્રિવેણી સંગમ એટલે દિપાવલી. દિપાવલી એટલે દીવડાઓની હારમાળા.

દિપાવલી બાદ, નવું વર્ષ જીવનમાં નવીનતા, ઉમંગ, આશા અને ચેતના લાવે છે જેમ ભોજનમાં વિવિધ પકવાનો હોય તો જમવાનો અનેરો આનંદ મળે છે તેમ જીવનમાં નાના-નાના અસંખ્ય આનંદના દિવડાઓ ચમકતા રહે તો જીવન ખૂબ સાર્થક લાગે છે.

આપણા જીવનની સુંદર બાજી કુદરતી સંજોગો ક્યારેક બગાડી નાખે ત્યારે નાસીપાસ ન થતાં તે જ બગડેલી બાજીને સુધારી, ગમે તેવા મુશ્કેલ અને વિપરીત સંજોગો વચ્ચે પણ જીવન આગળ ધપાવી શકાય એવો હિમાલય જેવો અડગ વિશ્વાસ એજ નૂતન વર્ષ નિમિત્તે જીવનને મળેલુ અદભૂત બોનસ.

આપણા સહુનુ જીવન બાલસહજ હળવાશ ભર્યુ બની રહે પણ એમાં બાલિશતાનો અંશ પણ ન રહે એ જોવાની પ્રભુ દૃષ્ટિ આપે. આપણે સહુ શ્રી ઠાકોરજીના ચરણ-કમળમાં નિશ્ચિંત-કેર ફ્રી બનીને જીવીએ પણ જીવનમાં કદી બેદરકારી  કેરલેસ ન વ્યાપે એ જોવાની પ્રભુ શક્તિ આપે. ચાલો પ્રભુને પ્રાર્થીએ.

'નવો દિસે આવેશ જીવનમાં,
નવું જગત આજે લાગે છે.
તારો સાચો ભક્ત તો નૂતન વર્ષમાં,
નવજીવન માગે છે'.

આપણે બધા જ પ્રભુના દાસ છીએ. પ્રભુથી વિખુટા પડેલા આ તમામ જીવો પરમસુખ અને દિવ્યશાંતિની અનુભૂતિ માટે આખાય વિશ્વમાં વલખા મારે છે. સમયની સ્પર્ધામાં દરેકને એકમેકથી આગળ નીકળી જવું છે. સંસ્થાઓમાં પ્રમુખપદોની ખુરશીઓ પાછળ દોડવું, વ્યવસાય અને નોકરીઓમાં એકમેકને પછાડી ઉચ્ચ સ્થાન મેળવવું, પક્ષ અને સરકારમાં વધુ

અને વધુ સત્તા-સંપત્તિ મેળવવા એજ જીવનના અંતિમ લક્ષ્ય બન્યા છે. દેખા-દેખીના સમયમાં સહુને બીજાઓ કરતાં વધુ અને સારુ મેળવવું છે. આ માટેની ભાગદોડમાં માનવી રાતોની નિંદ હરામ કરે છે. મુંબઈ જેવી મેગા નગરીઓમાં જીવતા લોકો વિજળીની ઝડપથી ભાગી રહ્યા છે. અનેક લોકો વિવિધ બિમારીઓથી પીડાઈ રહ્યા છે ત્યારે નવા વર્ષની શુભ પ્રભાતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે પ્રભુ મહારોગોથી મહાનગરીઓને રક્ષણ આપે અને સતત અજંપામાં જીવતા આ તમામ શહેરીજનોને સુખ, શાંતિ, ઐશ્વર્ય, સમૃદ્ધિ અને તંદુરસ્તી પ્રદાન કરે.

આપણે સહુ અવાર-નવાર દુનિયાની સાત અજાયબીઓની ચર્ચામાં પડીએ છીએ અને એ જોવા મળે ત્યારે આપણી જાતને ભાગ્યશાળી માનીએ છીએ, પરંતુ ઈશ્વરે આપણા શરીરમાં પણ સાત અજાયબીઓ આપેલી છે. સાંભળવાની, જોવાની, સ્પર્શ કરવાની, સ્વાદ માણવાની, સંવેદના અનુભવવાની, હાસ્ય વેરવાની અને પ્રેમની અનુભૂતિ. દિપોત્સવીના શુભ અવસરે આપણા મનને જાગૃત કરીએ અને જે જગતપિતાએ આપણા શરીરને આ સાત અજાયબીઓથી સજાવ્યુ છે તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ.

દિવાળીમાં કોડીયા મુકીએ ત્યારે સમગ્ર દીપમાળાના પ્રકાશથી અંધકાર દૂર થાય છે. આ રીતે આપણે પણ આંતરકોડીયા દ્વારા પ્રકાશ ફેલાવી આપણી આસપાસનો અંધકાર દૂર કરવા શક્ય એટલુ યોગદાન આપવા પ્રયત્નશીલ રહીએ. દિપાવલીના શુભ અવસરે દિલમાં દિવ્ય જ્યોત પ્રગટે. સદ્‌ગુણોમાં વૃદ્ધિ થાય. સમાજ અને દેશની નિષ્ઠાપૂર્વક સેવા કરવાની શક્તિ મળે અને જીવન ભગવન્મય બને એવી એક અખંડ જ્યોત જીવનમાં પ્રગટે.

આવનારુ નવું વર્ષ ગીતની માફક ગુંજે. ગઝલની જેમ મહેકે અને પુષ્પની માફક ખીલે. સબંધોના સાનિધ્યમાં અને લાગણીઓના લાલનપાલનમાં એકમેકને પ્રમાણિક રહેવું એને જ નવું વર્ષ કહેવાય. એક જીવનસાથી કંઈપણ ન બોલે તેમ છતાંય બીજો જીવનસાથી સાનમાં સમજી જાય એને જ નવું વર્ષ કહેવાય. એક સાથીના સપનાઓ બીજા સાથીની આંખોમાં સાચા પડતા જાય. એનેજ નવું વર્ષ કહેવાય. એકમેકની સાથે જીવતા-જીવતા તમામ દિવસો ઉત્સવમાં પરિવર્તન પામે એનેજ નવું વર્ષ કહેવાય.

દિપાવલી એટલે માણસાઈનો પર્વ. નોખા માનવીઓ દિપાવલી પણ નોખી રીતે જ ઉજવતા હોય છે. આ શુભ અવસરે મને એક પ્રસંગ યાદ આવે છે. ગયા વર્ષે દિપાવલીના શુભ અવસરે એક પત્રકારે પ્રખ્યાત અભિનેતા સલમાનખાનને પ્રશ્ન પુછ્યો કે આપ દિપાવલી કિસ તરહ મનાયેગે?' તેણે તરત જવાબ આપ્યો કે આ દિવાળીમાં હું એક એવી બાળકીની મદદ કરવા માગુ છુ કે જે માત્ર દસ મહિનાની છે અને તેના હૃદયમાં જન્મથી કાણું છે.' દસ મહિનાની બાળકીને નવજીવન મળે એ માટે મદદ કરવી એનાથી મોટી માણસાઈ બીજી કઈ હોઈ શકે ? માણસાઈના ઉમદા કાર્યોની જ્યોત સદા પ્રજવલ્તિ રહે એ ધ્યેય સાથે સલમાનખાને શરૂ કરેલી 'Being human the SalmanKhan Foundation' માનવતાના અનેક કાર્યો કરી રહી છે.

સમાજમાં ઉદારદિલ દાતાઓ અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓના સમન્વય થકી ઘણા ઉમદા કાર્યો થાય છે.

સામાજિક સંસ્થાઓ લોક કલ્યાણના સુંદર કાર્યોથી માણસાઈના દિપ જરૂર પ્રગટાવે છે. વ્યક્તિગત ધોરણ પણ સમાજ અને દેશના દરેક ખમતીધર માનવીના હસ્તે સલમાનખાન જેવુ શુભકાર્ય કરવાની પ્રભુ પ્રેરણા આપે ત્યારે જ દિપાવલીના આ શુભ અવસરે પ્રભુએ આપણા ઉપર અમીવર્ષા કરી તેમ લેખાય. જરૂરીઆતવાળાને મદદ કરવાની ભાવના એ આપણા વ્યક્તિત્વનો એક હિસ્સો બની રહેવો જોઈએ. બીજાના જીવનમાં મીઠાશ લાવવાનું કાર્ય તથા ભાવના આપણા જીવનના ધ્યેય બની રેહવા જોઈએ.

અન્યના જીવનમાં માધુર્ય, મીઠાશ અને પ્રકાશ લાવવામાં કાર્યરત રહેવું એ પણ દિપાવલીના ઓજસ જેવું ઉમદા કાર્ય છે. દિવાળી ત્યારે જ ઝગમગે જ્યારે આપણા ઘર સાથે સહુના ઘરમાં દીવા પ્રગટે. બીજાને ત્યાં અંધકાર હોય તો આપણા દીવડા રૂડા હોય તોય એમાં ઝાંખપ લાગે. જે પરમાત્માએ સંસારને રોશનીનું મહાસુખ આપ્યુ છે. એ દિવ્ય જ્યોતને નમન કરી તેની રોશની અન્ય સુધી પહોંચાડવામાં આપણે સહુ નિમિત્ત બનીએ.

ચાલો સહુ સાથે મળી નવું વર્ષ ઉજવીએ... વધાવીએ... પોખીએ...

તથાસ્તુ.

❖❖❖❖❖

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## (ઉપનગર વિભાગ)

સહર્ષ યોજે છે

# ''દાંડિયા રાસની રમઝટ'

**મનિષ એન્ડ હીઝ ઑરકેસ્ટ્રાની રમઝટઆપ સહુના સથવારે**

**તા. ૨૪-૧૦-૨૦૧૦ સમય સાંજે : ૫.૩૦ કલાકે**

**સ્થળ :**કેવલબાગ, કીલાચંદ રોડ, શૉપર્સસ્ટોપની નજીક, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

ઉપનગર વિભાગ દાંડિયા રાસના અતિથી વિશેષ

## મુખ્ય મહેમાન શ્રીમતી સુર્યાબેન અનીલભાઈ દોશી (હુવર)

**દરેક બાલાસિનોરવાસીઓને સમયસર હાજર રહેવા વિનંતી છે**

પ્રથમ ૫૦૦ વ્યક્તિઓને ફ્રી કોલ્ડ ડ્રીન્કસની કુપન આપવામાં આવશે. દાંડિયારાસ રમવા આવનાર ટ્રેડીશનલ ડ્રેસ સારામા સારો પહેરી આવશે તથા સારૂ રમનારને પ્રાઈઝ આપવામાં આવશે. ઉમંર પ્રમાણે ગ્રુપ પાડી લેડીઝ તેમજ જેન્ટસને ગેટ ઉપરથી બેચ આપવામાં આવશે :- સાંજે ૭.૦૦ કલાક સુધી.

શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ પણ છે.

ઉપનગર વિભાગના ધોરણ ૧ થી ૯ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના શૈક્ષણીક ઈનામો આપવામાં આવશે. રિઝલ્ટની ઝેરોક્ષ કોપી મોકલી આપવા વિનંતી. રિઝલ્ટની પાછળ સરનામુ તેમજ ટેલીફોન નંબર ખાસ લખવો. તા. ૨૫.૯.૨૦૧૦ સુધીમાં નીચેના કોઈપણ સરનામે મોકલવા વિનંતી.

| | | |
|---|---|---|
| ૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ | : | સંસ્થાની ઓફીસ |
| ૨) શ્રી ગાંધી નિમીષ બાબુલાલ | : | બી-૩૧, રાજેષ એપાર્ટમેન્ટ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૯ |
| ૩) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ | : | ૨૩/૨૪, સિધ્ધી એપાર્ટમેન્ટ, શક્તિનગર, મલાડ (વેસ્ટ) મું- ૪૦૦૦૬૪ |
| ૪) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ | : | સી. ૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ) મું-૪૦૦૦૯૨ |
| ૫) શ્રી ધારિયા કલ્પેશ કીર્તનલાલ | : | બી.૪૦, ભાગ્ય અપાર્ટમેન્ટ, ભરડાવાડી, અંધેરી (વેસ્ટ), મું.- ૪૦૦૦૫૮ |

**સંયોજક : દક્ષેશ પરીખ** **મંત્રીઃ મંજુલ ધારીયા**

# સંસ્થા સમાચાર

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### ૭મી બેઠક

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના કાર્યવાહક સમિતિની ૭મી બેઠક તા. ૧-૧૦-૧૦ના રોજ શુક્રવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) (પ્રગતિ સમાજ ઓફીસ) ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ સંસ્થાની ૬ઠ્ઠી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

સંસ્થાના રસોત્સવના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ એમનો અહેવાલ રજુ કર્યો હતો. ગામનાં આશરે ૧૦૦ કલાકારો ભાગ લેશે. ટીકીટનું વિતરણ ૩૧-૧૦-૧૦ રવિવારના રોજ વિવિધ સેન્ટરો પર થશે.

સંસ્થાના ક્રિકેટ સમિતિના સંયોજક શ્રી ક્રિંજલ પરીખ એ એમનો અહેવાલ રજુ કર્યો હતો. જનસાથીની ૪ ટીમોની મેચ તા. ૧૦-૧૦-૧૦ થી ચાલુ થશે. બીપીએલની મેચો તા. ૧૪-૧૧, ૨૮-૧૧, ૫-૧૨, ૧૯-૧૨, ૧૬-૧ તથા સેમી ફાઈનલ ૨૩-૧ એ યોજાશે. બાલાસિનોર ખાતેની મેચો તા. ૨૬,૨૭,૨૮,૨૯ જાન્યુઆરીએ યોજાશે.

સંસ્થાના સભ્ય શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદીએ રાજીનામું આપ્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામા આવ્યું હતું.

શ્રી નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી)નો શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. અને બે મીનીટનું મોન પાળવામા આવ્યું હતું.

૮ નવી આજીવન સભ્યની અરજી આવી હતી તથા ૫ લીવની અરજી આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરાઈ હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**સહમંત્રી - ભાવેશ મોદી / મંત્રી મજુલ ધારીયા**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

C/o. Shree Balasinor Pragati Samaj, 45/49, BabuGenu Road, Mumbai - 400002

## શ્રી ચારધામ યાત્રા (ઉત્તરાખંડ)

તારીખ ૧-૯-૧૦ થી ૧૭-૯-૧૦ના રોજ શ્રી ચાર ધામ યાત્રાના ૬૪ વૈષ્ણવો ઠાકોરજીની અસીમ કૃપાથી સહીસલામત વિઘ્નરહિત પાછા આવી ગયા છે. વરસાદ, પર્વતોનું પડવું, રસ્તા બંધ થઈ જવા આવા હરેક પ્રકારના વિઘ્નોથી ઠાકોરજીએ અમારો બધેજ યાત્રાના ધામમાં જવાનો સરળ રસ્તો કરી આપ્યો. એ બતાવે છે કે પ્રભુની કૃપા અમોને થઈ છે અને પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ પહેલાં કરતાં પણ વધુ ઉત્કટ થઈ ગયો છે.

**શ્રી ચાર ધામની સફળ યાત્રા બાદ હવે ચાલો**

### શ્રી મહાપ્રભુજીની બેઠક-ગોવા તા. ૧-૨-૧૧ થી ૪-૨-૧૧

**ન્યોછાવર રૂપિયા ૪૮૦૦/- (શ્રી ટાયર, રહેવાનું ટુ સ્ટાર હોટલ-સ્વીમીંગ પુલસાથે.) દરેક રૂમમાં બેજણનો સમાવેશ**

**નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩૧-૧૦-૧૦ બુકીંગ રકમ ૧૦૦૦/-**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

શ્રી કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૯-૧૦ને ગુરૂવારના રોજ સાંજના ૬.૩૦ કલાકે મુંબઈ ખાતે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલયમાં મળેલી.

સભાની શરૂઆત પૂર્વે મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ ટ્રસ્ટના બે સદગત સભ્યો સ્વ. પ્રવિણચંદ્ર વલ્લભદાસ ધારીઆ (લાલખાં) ભૂતપૂર્વ ખજાનચી અને આજીવન સભ્ય તેમજ કારોબારી સભ્ય તા. ૧૯-૯-૧૦ના રોજ તથા સ્વ. નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી), ગણપતિ મંદીરનાં દાતાશ્રી તથા દાદા ટ્રસ્ટી તા. ૨૧-૯-૧૦ શ્રીજી ચરણ પામ્યા છે. તે સભા સમક્ષ રજુઆત કરી આ બન્ને સદગતની યાદમાં સર્વે હાજર રહેલા સભ્યોએ ૨ મિનિટનું મૌન પાળી સદગતોને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

ત્યાર બાદ સભાનું કામકાજ શરૂ કરતાં મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ મિટીંગની નિવિદા વાંચી સંભળાવી હતી અને નિવિદાની કાર્યસુચી મુજબ સભાનું કામકાજ કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલમાં ચાલતી પ્રવૃત્તિ વિષેનો પ્રગતિ અહેવાલ સ્થાનિક મંત્રીશ્રી રજનીકાન્ત ઓચ્છવલાલ શાહે પ્રમુખશ્રીની અનુમતીથી સભા સમક્ષ રજુ કર્યો હતો.

હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે દાન આપનાર સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ તા. ૧૩.૩.૧૧ને રવિવારના રોજ યોજવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શ્રી સંતરામ મંદિર, ઉમરેઠના સંતશ્રી ગણેશદાસજી મહારાજશ્રી તરફથી આશિર્વચન આપવા ઉપસ્થિત રહેવા અંગેનું વચન મળેલ છે.

આગામી વર્ષ ૧૧-૧૨માં હોસ્પિટલની સ્થાપનાને ૬૦ વર્ષ પુરા થથાં હોઈ ડાયમંડ જયુબીલી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલની ડાયાબિટિસ નિદાન કેમ્પ તથા એન્ડોસ્કોપી નિદાન કેમ્પ તા. ૧૦-૧૦-૧૦ના રોજ યોજવામા આવેલ છે.

ચાલુ વર્ષે નેત્ર યજ્ઞ સહયોગી દાતા તારાબેન કાન્તીલાલ મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે સરલાબેન મોદી નેત્ર યજ્ઞ કેમ્પ આગામી તારીખ ૧૧-૧૧-૧૦ થી અઠવાડીયામાં ત્રણ દિવસોએ દર બુધ, ગુરૂ અને શનિવારે ફેકોમશીનથી દરેક વારે ૧૦-૧૦ ઓપરેશનો ફ્રી કરવામાં આવશે. દર્દીને તથા તેમના સગાને બે ટાઈમ ભોજન, દવા, કાળા ચશ્મા તથા ચોરસાનું વિતરણ કરવામાં આવશે.

**- મંત્રીશ્રી શ્રી રાજેન્દ્ર દેસાઈ**

# Recreation Club of Balasinor

## Kedar Hills, Balasinor - 388 255

As formally announced in Jyoti-punj, project of setting up the most modern club in Balasinor has finalized. Preliminary procedures has now begun.

The work for Recreation club at Balasinor is in progress. Land has been accquired on Kedar hills. First phase Club house with Restaurant, A/C Rooms, Yoga Room, Gymnasium, Table Tennis, Card Room, Billiards Room, Library and Swimming Pool will be started in near future.

Second phase Jogging Track and Cricket Stadium will be starting immediately after first phase is on the way.

### Founder Members are as under :


| | | | | |
|---|---|---|---|---|
| 1. | Shri Dilip Muljibhai Dharia (Lalkha) | - | President | (Mumbai) |
| 2. | Shri Dr. Vimal P. Patel | - | Vice-President | (Balasinor) |
| 3. | Shri Jitu M. Shah | - | Vice President | (Mumbai) |
| 4. | Shri Jayantibhai Phulabhai Patel - | - | Hon. Treasurer | (Balasinor) |
| 5. | Shri Surendra R. Parikh | - | Hon. Secretary | (Mumbai) |
| 6. | Shri Dr. S. Devwalal | - | Hon. Secretary | (Balasinor) |
| 7. | Shri Rajeshbhai G. Phatak (Pappubhai | - | Committee Member | (Balasinor) |
| 8. | Shri Tinu Chokesy | - | Committee Member | (Balasinor) |
| 9. | Shri Dr. Amit Patel | - | Committee Member | (Balasinor) |
| 10. | Shri Pankaj R. Patel | - | Committee Member | (Balasinor) |
| 11. | Shri Manjul S. Dharia | - | Committee Member | (Mumbai) |
| 12. | Shri Dakshesh B. Kadakia | - | Committee Member | (Mumbai) |
| 13. | Shri Kartik R. Kadakia | - | Committee Member | (Mumbai) |

**Shri Dilip M. Dharia (Lalkha) (President)**
C/o. Imperial Tube & Hardware mart
123, Nagdevi Street, Mumbai - 400 003
Call : (o) 23442616 (c) 9819265015

**Dr. S. Devwala (Hon. Secrtetary)**
C/o Mohmadi High School
Balasinor 388 255
Call (C) 09725258964

**Note :** Membership subject to approval by the committee

# ૫૯માં રસોત્સવના મુખ્ય મહેમાન
## શ્રી સુધીરભાઈ ચીમનલાલ ધારીઆનો પરિચય એમના જ શબ્દોમાં



**શ્રી સુધીર ધારીયા**

ચીમનલાલ ચંદુલાલ ધારીયાના બે પુત્રો ૧) સુધીર ચીમનલાલ ધારીયા તથા અશોક ચીમનલાલ ધારીયા, અમે નાના હતા ત્યારે ત્રણ બહેનોના લગ્ન માતાપિતાની હાજરીમાં થઈ ગયા હતા એટલે જવાબદારીમાંથી નાનપણમાંજ મુક્તી મળી ગઈ હતી. પિતાશ્રી વર્ષો પહેલા મેટ્રીક પાસ થઈને નસીબ અજમાવવા માટે રંગુન ગયા હતા. પણ તે હયાત હતા તે વખતે રંગુનમાં શું કર્યું અને શેનો ધંધો કરતા હતા તે અમને કંઈ જ ખબર ન હતી. પછી પાછા આવી ગામડામાં ધીરધારનો ધંધો કર્યો પણ ફાવટ નહી આવી અને અમદાવાદ ગયા ત્યાં પણ ફાવટ નહી આવવાથી મુંબઈમાં વસવાટ કર્યો. અને નોકરી સ્વીકારી. તે વખતે હુ કોરોનેશન હાઈસ્કુલમાં ૧૯૬૪માં ૧૧ ધોરણ સુધી ભણીને આર્થીક પરિસ્થીતી નબળી હોવાથી કંઈક કમાવવાની આશાએ મુંબઈ આવ્યો અને નોકરી ચાલુ કરી. એક વર્ષ પછી એટલે ૧૯૬૫માં માતુશ્રી તથા ભાઈને ઘાટકોપરમાં ભાડાની રૂમ લઈને માતાપિતા તથા ભાઈને ભેગા કર્યા. હુ તથા પિતાશ્રી નોકરી કરીને ભરણ પોષણ કરતા હતા મારી નોકરીમાં મને શીખવા નહી મળવાથી છ નોકરી બદલી કરવી પડી અને કાંન્તીલાલ બ્રધર્સમાં નોકરી કરવાથી ઘણુ શીખવા મળ્યુ અને ૧૯૬૯માં બોલ્ટ નટના ધંધાની શરૂઆત કરી. એક બાજુ ધંધો ચાલુ કર્યો અને બીજી તરફ ઉપરવાળાની મારા માથે છત્ર રહે તે મંજુર નહી હોવાથી તા. ૧૮-૧૦-૬૯ના રોજ મારું પિતાનું છત્ર જૂટવાઈ ગયુ પણ હીંમત હાર્યા વગર ધંધો સારો હોવા છતા આર્થીક સંકળામણના હીસાબે પ્રગતીમાં અવરોધ આવતા ગયા પણ ઠાકોરજીએ હીંમત તથા મનોબળનો સથવારાનો સુમેળ કર્યો અને મંજીલ પાર કરતા ગયા. ઠાકોરજીની નામરજી થી તા. ૧૬-૪-૭૪ના રાત્રીના સમયે માતુશ્રીની નામરજી પણ છત્રછાયા જૂટવાઈ ગઈ જે આજ સુધી ભૂલી શક્યો નથી.

માતુશ્રીની હાજરીમાં પ્રભુતામાં પગલા પાડયા મીના નામની ધર્મપત્નીના પગલે આવકમાં વધારો થવા લાગ્યો. આવકના હીસાબે પોતાનું ઘર તથા દુકાનની વ્યવસ્થા ઠાકોરજીની કૃપાથી થઈ ગઈ પછી ભાઈના લગ્ન થયા અને ૧૯૯૫ સુધી સંયુક્ત કુટુંબમાં રહીને દીવસો પસાર થયા. બન્નેને ત્યાં બબ્બે દિકરીઓ પછી છોકરાના બન્નેના ઘરે આગમન થવાથી ખુશીનો પાર ના રહ્યો. કંઈક કમાવવાની આશાએ કનસ્ટ્રકશન કાં.નું કંઈ પણ શીખ્યા વગર અથવા નોકરી કર્યા વગર કુદરતી બક્ષિસના આધારે મકાન બનાવવાની લાઈનમાં પ્રવેશ કર્યો. જે જમીન ખરીદતો તેના પ્લાન હુ બનાવતો થયો જે કાયદાને આધીન રહેતો મકાન બનાવવાની લાઈનમાં કેટલા રૂપીયા લાગશે અને ક્યાંથી મળશે તેનો

વિચાર કર્યા વગર હીંમતના આધારે પ્રવેશ કરી લીધો. પણ અનેક વિટમ્બણા આવી પણ પાછા ફરી શકાય તેમ હતુ નહીં અને ખરાબ પરીસ્થિતિનો બહુ સામનો કરવો પડયો. કારણકે કંઈક મેળવવુ હતુ બહુ લાંબા સમય પછી સફળતાનો સ્વાદ ચાખવા મળ્યો અને સાથે મારા દિકરાને પણ મકાન બનાવવાની લાઈનમાં પ્રવેશ કરાવ્યો અને દીકરા શાનુપને પણ સફળતા મળતી ગઈ. નાનોભાઈ તથા તેનો દીકરો અપૂર્વ એ જે હાર્ડવેરની લાઈન હતી તે જાળવીને આગળ વધી રહ્યો છે મને મનમાં કઈ ખૂટે છે તેવો ભાસ થયા કરતો હતો. કોરોનેશન હાઈસ્કુલ (અત્યારનું નામ પી.વી. વિદ્યાલય) ભણી ને મુંબઈ આગમન કર્યું. જે સ્થાની મદદ લઈને ૧૧ ધોરણ સુધી ભણ્યો. તેનું ક્યારે રૂણ ચૂકવવાનો વારો આવશે તેન ખબર ન હતી. પરંતુ ઓચ્છવલાલ વારો આવ્યો અને ઋણ ચૂકવવાનો મોકો મળ્યો. મારાઅનુભવના હીસાબે કેળવણી મંડળ એ સ્કુલનુ ધ્યાન આપવાનો ભાર સોંપ્યો. અને ફુલ નહી તો ફુલની પાખડી આપવાનો અવસર પણ મળ્યો. હું સંસ્થાને નિસ્વાર્થ ભાવે મારી જરૂર હશે ત્યાં સેવા આપવા બંધાયેલો છું તેની ખાતરી આપુ છું. સમાજનો સાથ મળશે તો હું હજી પણ મુંબઈ ખાતે મારી બીલ્ડીંગ લાઈનની જાણકારીના આધારે કંઈક કરવા માગુ છુ. ઠાકોરજીની કૃપાથી મને આગળ સફળતા મળતી જાય છે. અને તેનો સ્વાદ મારા બાલાસીનોરવાસીઓને પણ મળે તેવી આશાઅજેઠાલાલની સ્કુલનો પાયાની વિધી વખતે જવાનો મારો પરીચય પુરો કરુ છુ.

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

